વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.૬/૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

ફોન નં.:- ૦૭૯ ૨૩૨૫૭૮૦૯
ફેક્સ :- ૦૭૯ ૨૩૨૫૧૩૬૨

ક્રમાંક/ટેક્ષ/રીકરીંગવેરો/વસુલાત/ઓન/ 1399
તારીખ. ૭-૩-૨૦૧૮.

7 MAR 2018

પ્રતિ,
તમામ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તમામ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,

વિષયઃ-તા.૧-૪-૨૦૧૮ થી શરુ થતા ટેક્ષ કવાટરનો એડવાન્સ ટેક્ષ ચાલુ માસમાં સ્વીકારવા બાબત.
અનુ :-માન.કમિશ્નરશ્રી વાહન વ્યવહારની તા.૬-૩-૧૮ ની સૂચના અન્વયે.

ઉપરોકત વિષય તથા અનુસંધાને જણાવવાનું કે, તા.૧-૪-૨૦૧૮ થી ટેક્ષ કવાટર શરુ થાય છે. સદર કવાટરમાં મોટરીંગ પબ્લીક ધ્વારા માસીક, અર્ધવાર્ષિક અને વાર્ષિક દરે કર ભરાય છે. જેના કારણે કર ભરવા માટે મોટરીંગ પબ્લીકનો વધારે પડતો ધસારો કચેરીમાં થાય છે જેથી કચેરીમાં અવ્યવસ્થા ઉભી ન થાય તેમજ મોટરીંગ પબ્લીકને કર ભરવા માટે વધારે સમય આપવાથી અરજદારોને તકલીફ ન પડે તે હેતુ અન્વયે તેમજ સરકારશ્રીની આવક સમયમર્યાદામાં થાય તે આશય લક્ષમાં રાખી તાબાની તમામ કચેરીને જણાવવામાં આવે છે કે, તા.૧-૪-૧૮ થી લ્હેણાં થતા રીકરીંગ વેરો આવતી ~~કાલ~~ કાલ એટલે કે તા.૮-૩-૨૦૧૮ થી કચેરીમાં સ્વીકારવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી. સદર વ્યવસ્થાની જાણકારી મોટરીંગ પબ્લીકને પ્રેસમીડીયા તેમજ ઈલેકટ્રોનીક મીડીયાના માધ્યમથી કરવા જણાવવામાં આવે છે. સદર જાહેરાતના પેપર કટીંગની કોપી અત્રે મોકલી આપવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી,
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
ગુજરાત રાજય,અમદાવાદ.

નકલ રવાના:-
Akhil Gujarat Truck Transport Association

Dr. ૯-૩-૨૦૧૮